# સરસ્વતી વિદ્યામંડળ શૈક્ષણિક શિબિર

## તારીખ :- ૭,૮,૯ મે ૨૦૨૨

## સ્થળ : - સ્વામિનારાયણ ગુરુકુળ પૉલિટેકનિક, સેકટર- ૨૨, ગાંધીનગર.

## <u>અહેવાલ</u>

નમસ્તે

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓનાં કર્મયોગી ભાઇ- બહેનોનું વ્યક્તિત્વ વિક્સે અને રોજીંદા શૈક્ષણિક કાર્યોમાં સતત નવા અભિગમો કેળવાય તે હેતુને ધ્યાનમાં રાખી દર વર્ષે શૈક્ષણિક શિબિરનું આયોજન કરવામાં આવેછે. આ વર્ષે શિક્ષકોની શિબિરનું આયોજન સ્વામિનારાયણ ગુરુકુળ પૉલિટેકનિક, સેકટર- ૨૨, તારીખ :- ૭,૮,૯ મે ૨૦૨૨ ના રોજ

કરવામાં આવ્યુ હતું .આ શિબિરનો શુભારંભ આપણા મંડળના ચેરમેન માનનીય જસ્ટીસશ્રી રવિ ત્રિપાઠીના વરદહસ્તે કરાવવામાં આવ્યુ હતું.

શિબિરનાં પ્રથમ બે દિવસના વક્તાઓ અને તેમનાં વિષય આ મુજબના હતા

**<u>પ્રથમ દિવસ</u>**

(૧) **વિષય : નવી શિક્ષણ નીતિના પરિપ્રેક્ષ્યમાં શિક્ષક તાલીમ**
વક્તા : શ્રી એમ.આઇ.જોષી. નિયામકશ્રી ગુજરાત પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજ્ય.

(2) **વિષય :-માતૃભાષાનું શિક્ષણ**

વક્તા : શ્રી ઉમાકાંત રાજગુરૂ. ભાષાવિદ્.

(૩) **વિષય :-નવી શિક્ષણનીતિ અમલ અને પડકાર**

વક્તા : શ્રી જયેન્દ્રસિંહ જાદવ મહામાત્ર ગુજરાત સાહિત્ય અકાદમી

(૪) **વિષય આવો આપણા વિદ્યાર્થીને ઓળખીએ**

વક્તા : સંસ્થાના શિક્ષકો (1)શ્રી ચેતનાબેન રાવલ (2) શ્રી જયશ્રીબેન ભાવસાર

(૫) **રાત્રીસસભા કુંવરબાઇનું મામેરું**

વ્યખ્યાતા : શ્રી ઉમાકાંત રાજગુરૂ

**<u>બીજો દિવસ</u>**

(૬) **વિષય :-જાતીય ગુનાઓમાંથી દીકરીઓને બચાવીએ.**

વક્તા : શ્રી મંજીતા વણઝારા. પૂર્વવિદ્યાર્થી આઇ.પી.એસ.કમાંડર એસ.આર.પી

(૭) **વિષય :- શિક્ષણમાં આકાર લેતો વર્ગભેદ**

વક્તા : શ્રી સુખદેવ પટેલ. શિક્ષણવિદ્-એક્ટિવીસ્ટ

**(૮) વિષય :-પુસ્તક પરિચય ( ૧- ગાંધીની નજરે દૂનિયા , ૨- કાશ્મીરનો ટૂંકો ઈતિહાસ )**

વક્તા : સંસ્થાના શિક્ષકો :- (1)શ્રી વનીતાબેન વાચ્છાની (૨)શ્રી હરીભાઈ ચૌધરી

**(૯) વિષય:- સરસ્વતીનું સંગીત**

સંચાલન શ્રી જ્યોતીન્દ્રભાઇ દવે અને સંસ્થાનુ સંગીતવૃંદ

**(૧૦) રાત્રિસભા સંગીત સંધ્યા**

સરસ્વતી સંગીતવૃંદ

**ત્રીજો દિવસ**

**(૧૧) વિષય:-સંસ્થાસંચાલનના અનુભવ આધારીત વિચાર ગોષ્ઠી**

વક્તા :- શ્રી સજૂભા ઝાલા અને શ્રી જ્યોતીન્દ્રભાઇ દવે

**(૧૨) નિવૃતિ શુભેચ્છાકાર્યક્રમ (બૃહદ્‌સભા )**

**નિવૃત થતા કર્મચારી ભાઈ બહેનોનુ સન્માન અને શુભેચ્છા તથા વડીલોના** આશીર્વચન પ્રતિભાવ બાદ સંસ્થાગીત સાથે કાર્યક્રમનુ સમાપન કર્યુ . સ્નેહભોજન પછી સૌ છુટા પડ્યા.

સમગ્ર શિબિરમાં વાક્તાશ્રીઓએ તેમનાં વિષય પર માહિતિસભર માર્ગદર્શન આપ્યું જે બધાજ શિક્ષકોને ખુબ ઉપયોગી નિવડશે.

કાર્યક્રમ સંચાલન : શ્રી મૃણાલબેન ઓઝા

આયોજન અને વ્યવસ્થા : શ્રી કે.ડી.પટેલ